જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૭/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૨૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૭ લીટર દેશી દારૂ, ૪૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૫૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૭ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૭૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૩૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૩૧/૨૦૨૬**

માધવપુરાઃ નંદકિશોર સ/ઓ ગૌતમભાઈ સિંહા (ઉ.વ.૩૪)(રહે.શાહપુર દરવાજાનો ખાંચો, ભાગવત ચોક, શાહપુર) એ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓક્ટોબર/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન શાહપુર દરવાજા બહાર રાહત સર્કલ, પાસે આવેલ રજવાડી ચાની કીટલી નજીક આરોપી (૧) પ્રદીપ હરીલાલ સોની (રહે.શ્રી શીવશક્તિનગર શાહપુર) (૨) નીતીનભાઇ કાંતિલાલ થડેશ્વર (રહે.ઝવેરી કમ્પાઉન્ડ દાતાપરા રોડ બોરીવલી ઇસ્ટ મુંબઈ મહારાષ્ટ્ર) અને (૩) મમતા જોષી (રહે.પ્રભુવન બંગલોઝ સેન્ચ્યુરી ટાવરની બાજુમાં બોડકદેવ) નાઓએ ભેગામળી નંદકિશોરને ગુજરાત પોલીસ ભરતીમાં નોકરી અપાવવાનુ જણાવી તેમની પાસેથી કુલ રૂપિયા ૩,૨૦,૦૦૦/– મેળવી લીધા હતા, જ્યારે પોલીસ ભરતીનું પરીણામ આવતા લીસ્ટમા નંદકિશોરનું નામ નહી આવતા આપેલ રૂપિયા પરત માંગતા આરોપી નીતીનભાઇએ રૂપિયા ૧,૦૦,૦૦૦/– પરત આપી, બાકીના રૂપિયા ૨,૨૦,૦૦૦ /– પરત નહી આપી નંદકિશોર સિંહા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.સી.રાઠવા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૩૨/૨૦૨૬**

રાણીપઃ માનસી મહેન્દ્રભાઇ ધોબી (ઉ.વ.૨૦)(રહે. સુંદરવન ફલેટ, બલોલનગર બ્રિજ પાસે, રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૬ રાતના ૮/૧૫ વાગ્યા પહેલા રાણીપ શંકરનગર સોસાયટી ખાતે પોતાની સાસરીમાં ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી પી.એન.અસારી ચલાવે છે.

નારોલઃ નારોલ રાણીપુર ગામ, મારીયા પાર્ક ખાતે રહેતા રણછોડરામ ઠાકોરની ૧૭ વર્ષની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૩/૦૭/૨૦૨૫ સવારના ૧૧/૫૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી